## ડાયાબિટિક પેશન્ટ માટે સ્વીટ સમાચાર...

# સાઈલન્ટ કિલરને નાથવા હવે હાજર છે સર્જરી

મથુરામાં ઘેર ઘેર રાંધણગૅસની ટાંકીની ડિલિવરી કરતા બાવન વર્ષના વ્રજેન્દ્રસિંહે ચાર વર્ષ બાદ પહેલી જ વાર ખાંડવાળી ચા અને મીઠાઈ આરોગ્યાં. ચારેક વર્ષથી ટાઈપ-ટુ ડાયાબિટીસથી ત્રસ્ત વ્રજેન્દ્રસિંહનું સરેરાશ બ્લડ સુગર લેવલ ૨૭૫ રહેતું. ડાયાબિટીસને લીધે એની કિડની, આંખો પર માઠી અસર થયેલી. થોડા દિવસ પહેલાં વ્રજેન્દ્રસિંહે જાણે એક ચમત્કારનો સાક્ષાત્કાર કર્યો. એ ચમત્કાર એટલે મુંબઈની *બૉમ્બે હૉસ્પિટલ*માં એમની પર કરવામાં આવેલું ડાયાબિટીસ માટેનું ઑપરેશન. ઑપરેશન કર્યું *બૉમ્બે હૉસ્પિટલ*ના લેપ્રોસ્કોપિક અને બેરિયાટ્રિક સર્જન ડૉ. રમણ ગોયલે.

આ લખાય છે ત્યારે સર્જરી થયાને આશરે ચાલીસેક દિવસ વીતી ગયા છે. વ્રજેન્દ્રસિંહ *ચિત્રલેખા*ને ફોન પર જણાવે છે કે એ બહુ જ ખુશ છે...

એ કહે છે: 'હું દર મહિને બે'એક હજાર રૂપિયા ડાયાબિટીસની દવા પાછળ ખર્ચતો. ડાયાબિટીસની અસર મારી કિડની અને આંખો તથા શ્વાસોચ્છ્વાસ પર પણ થયેલી. થોડું ચાલુ ને હાંફ ચડી આવે. એક તબક્કે તો લાગ્યું કે હવે મારે ઘેર જ બેસી રહેવું પડશે, પણ આ સર્જરી બાદ મેં ઈન્સ્યુલિનનાં ઈંજેક્શન લેવાનાં બંધ કર્યાં છે. મારી કિડની બરાબર કામ કરે છે અને થોડા દિવસમાં હું ગોળીઓ પણ લેવાની બંધ કરી દઈશ.'

મેદસ્વીઓનાં પેટમાં પહોંચતા આહારની ક્ષમતા ઘટાડીને ઓછા ખોરાકે એમને પરમ તૃપ્તિનો અનુભવ કરાવતી ઓબેસિટી સર્જરીના ભારતમાં પ્રણેતા ગણાતા ડૉ. રમણ ગોયલ *ચિત્રલેખા*ને કહે છે:

'સ્થૂળતાના ઈલાજ માટે કરવામાં આવતી ઓબેસિટી કે બેરિયાટ્રિક સર્જરી (*ચિત્રલેખા: ૨૫ એપ્રિલ, ૨૦૦૫*) બાદ પણ ડાયાબિટીસથી રાહત મળતી, પણ જેમનું વજન નૉર્મલ હોય અને ડાયાબિટીસ હોય તો? એમની બેરિયાટ્રિક સર્જરી કરવામાં આવે તો એ અન્ડરવેઈટ થઈ જાય. આવા દરદીઓ માટે હવે આવી છે મેટાબોલિક સર્જરી અથવા સાદા શબ્દોમાં ડાયાબિટિક સર્જરી.'

જો કે ભારતમાં કોઈ પણ નવી સર્જરી કરવી હોય તો સૌપ્રથમ *ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ*ની મંજૂરી લેવી પડે. જે મેળવતાં જ છ મહિના લાગી ગયા. એ પછી ચાલી શોધ નૉર્મલ વજનવાળા ડાયાબિટિક પેશન્ટની.

ડૉ. રમણ ગોયલ કહે છે કે મારા અનેક ડૉક્ટરમિત્રો આ સર્જરી કરાવવા માગતા હતા, પણ એમનું કહેવું હતું કે પહેલાં એકાદ સર્જરી થઈ જવા દો. એ પેશન્ટનું શું થાય છે એ જોયા બાદ જ કરાવીશું. છેવટે મથુરાના વ્રજેન્દ્રસિંહ ઑપરેશન કરાવવા રાજી થયા, પણ એમાંય એક મુશ્કેલી હતી. વ્રજેન્દ્રસિંહની આર્થિક સ્થિતિ એવી નહોતી કે એ અઢી-ત્રણ લાખ રૂપિયા ખર્ચે. આનો રસ્તો એ રીતે નીકળ્યો કે *બૉમ્બે હૉસ્પિટલે* પોતાના ચાર્જિસ જતા કર્યા, ડૉ. રમણ ગોયલે પોતાની ફી જતી કરી અને આમ ચાર ઑક્ટોબરે ભારતનું પહેલું ડાયાબિટીસ ઑપરેશન પાર પડ્યું. દુનિયામાં ત્રણ-ચાર દેશમાં જ આ પ્રકારની સર્જરી થાય છે.



વ્રજેન્દ્રસિંહ



ડૉ. રમણ ગોયલ

વ્રજેન્દ્રસિંહ કહે છે કે ઑપરેશન પહેલાં હું જબરદસ્ત તાણ હેઠળ હતો, પણ ડૉક્ટરોએ મને ધરપત આપી. ઑપરેશનના એક જ અઠવાડિયામાં મારું સુગર લેવલ ઘણું સુધરી ગયું.

સાવ સાદા શબ્દોમાં આ સર્જરી વિશે સમજીએ તો આહારમાંથી બનેલા ગ્લુકોઝ (શર્કરા)ને લોહીમાં ભેળવે છે ઈન્સ્યુલિન. આપણે જમી લઈએ એ પછી આપણું મગજ પેટ નીચે આવેલા સ્વાદુપિંડને અથવા પેન્ક્રિયાસ નામની ગ્રંથિને ઈન્સ્યુલિન નામના હૉર્મોન બનાવવાના સિગ્નલ મોકલે છે. પેન્ક્રિયાસના બીટા સેલમાં ઈન્સ્યુલિન હૉર્મોન બને છે. ઈન્સ્યુલિન એ હૉર્મોન છે, જે શરીરમાં શર્કરાનું યોગ્ય સંતુલન જાળવે છે. ડાયાબિટીસના દરદીના શરીરમાં ઈન્સ્યુલિન બનાવવાની યંત્રણા ભાંગી પડે છે. ડૉક્ટરોનું કહેવું છે કે આંતરડાંની પુનઃગોઠવણીથી અથવા રિઅરેન્જમેન્ટથી ઈન્સ્યુલિનનું ઉત્પાદન વધે છે, બીટા સેલની કામગીરી પણ હતી એવી થઈ જાય છે અને ડાયાબિટીસથી રાહત મળે છે.

સર્જરી બાદ શરીરની ઈન્સ્યુલિનની જરૂરિયાત પર નિયંત્રણ આવી જતાં પેન્ક્રિયાસ અથવા સ્વાદુપિંડને ઈન્સ્યુલિન બનાવવા ઓવરટાઈમ કરવો પડતો એને આરામ મળી જાય. આનાથી પેન્ક્રિયાસની આવરદા પણ વધી જાય છે.

આ સર્જરીનાં ભયસ્થાન વિશે જણાવતાં ડૉ. રમણ ગોયલ કહે છે કે ખાસ તો કોઈ આડઅસર નથી. જો કે એ ન ભૂલવું જોઈએ કે આફ્ટર ઑલ ઈટ'સ અ સર્જરી. આંતરડાંની પુનઃગોઠવણી બાદ એને જોડવામાં બ્લીડિંગ થઈ શકે...

ડૉ. ગોયલ કહે છે કે અનેક કિસ્સામાં ડૉક્ટર એના ડાયાબિટિક પેશન્ટને એની લાઈફસ્ટાઈલ તથા ખાવા-પીવાની આદતો બદલવા કહે છે, કસરત કરવા કહે છે, છ વાર, પણ થોડું થોડું ખાવાની સલાહ આપે છે, પણ નોકરી-વ્યવસાય કે અન્ય કારણસર આવા નિયમ પાળી ન શકતા અથવા નિયમિત દવા-ઈંજેક્શન લીધા છતાં ડાયાબિટીસ કન્ટ્રોલ કરી ન શકતા લોકો માટે આ નવીનવાઈનું ઑપરેશન આશીર્વાદરૂપ નીવડશે. અને એ પણ જાણી લો કે આમાં બહુ મોડું ન કરવું. પેશન્ટનું પેન્ક્રિયાસ (સ્વાદુપિંડ) જ્યાં સુધી કડેધડે હોય ત્યાં સુધી આ સર્જરી કરી શકાય છે.

દુનિયાના *ડાયાબિટીસ કૅપિટલ* તરીકે *વગોવાયેલા* ભારતમાં ત્રણ કરોડથી વધુ લોકોનાં જીવન ડાયાબિટીસની મીઠી બીમારીને લીધે કડવાં થઈ ગયાં છે. હૃદયરોગ, કિડની, પૅરાલિટિક ઍટેક અને અંધાપો જેવી ગંભીર બીમારી ડાયાબિટીસને લીધે વળગે છે. હવે આ સાઈલન્ટ કિલરને નાથે એવી સર્જરીને લીધે ડાયાબિટિક પેશન્ટને રાહત મળશે.

■ **કેતન** મિસ્ત્રી